February-2016 સત્રથી પ્રવેશ ફી ભરવા માટેના ત્રણ વિકલ્પ પ્રવેશાર્થી માટે ઉપલબ્ધ છે. **(A)** સ્ટેટ બેંક કલેક્ટ (State Bank Collect), **(B)** પે-ઈન-સ્લીપ (Pay-in-Slip) અથવા **(C)** પોસ્ટલ રિસીપ્ટ. આ ત્રણમાંથી કોઈપણ એક વિકલ્પ દ્વારા ફી ભરી શકાશે.

## State Bank Collect થી ફી ભરનાર પ્રવેશાર્થી માટે સૂચના

જે પ્રવેશાર્થીનું સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં ખાતું હશે તથા **State Bank Collect** ની સુવિધાથી પોતાના એ.ટી.એમ. કાર્ડ અથવા ઈન્ટરનેટ બેન્કીંગ દ્વારા ફી ભરી શકશે.

### (A) State Bank Collect થી ફી ભરવા માટે અનુસરવાની કાર્યપદ્ધતિ

(1) SBI ની અધિકૃત વેબસાઈટ www.onlinesbi.com પર State Bank Collect વિકલ્પ પર ક્લિક કરો

(2) નવા પેજ પર Disclaimer Clauseમાં આપેલ છ સૂચનાઓ વાંચીને તેની નીચે આપેલ બોક્ષમાં ક્લીક કરો. પછી Proceed બટન પર ક્લીક કરો.

(3) નવા પેજ પર State or Corporate Institution ની સામે ડ્રોપ ડાઉન મેનુમાંથી ‘Gujarat’ પસંદ કરો.

(4) અન્ય વિકલ્પ Type of Corporate/Institute ની સામેનાં Drop-down મેનુમાંથી Educational Institutions વિકલ્પ પસંદ કરો અને ‘Go’પર ક્લીક કરો.

(5) નવા પેજ પર State Bank Collect સેવા આપતી ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓની સૂચિ આવશે. જેમાંથી Dr. Babasaheb Ambedkar Open University પર ક્લીક કરો.

નવા પેજમાં તમારી વ્યક્તિગત માહિતી માગતું ફોર્મ ખુલશે. જેમાં અંગ્રેજી ભાષામાં તમારી વિગત ભરો. ફોર્મ ભર્યા પછી તેને ‘Confirm’ કરવાથી પેમેન્ટનું વિકલ્પ દર્શાવાશે. જેમાં એ.ટી.એમ. અથવા ઈન્ટરનેટ બેંકીંગ વિકલ્પમાંથી તમારી સગવડનો વિકલ્પ પસંદ કરી ફી ભરી શકાશે. ફીની વિગતને ‘Print Reciept’-વિકલ્પ પર ક્લીક કરવાથી તમને ચૂકવણીની પાવતી મળશે. આ ફોર્મમાં નીચે મુજબની માહિતી ભરવાની રહેશે, તેથી તે માહિતી સાથે સજ્જ રહો.

(1) ફોર્મ નંબર

(2) પ્રવેશાર્થીનું નામ

(3) કોર્સનું નામ (આપેલ વિકલ્પોમાંથી પસંદ કરવો)

(4) કેન્દ્રનો કોડ (માહિતી પુસ્તિકામાંથી જોઈ લેવો)

(5) જાતિ (સ્ત્રી/પુરુષ)

(6) કેટેગરી (SC/ST/General/OBC)

(7) ફીની રકમ (પસંદ કરેલ કોર્સ અને જાતિને આધારે પહેલેથી પ્રદર્શિત હશે.)

(8) ખાતા ધારકનું નામ (જો ફી અન્ય વ્યક્તિનાં ખાતામાંથી ભરવાની હોય તો ખાતા ધારકનું નામ અને પોતાનું ખાતું હોય તો પોતાનું નામ લખવું.)

પ્રવેશાર્થીએ ફીની પાવતીની પ્રિન્ટેડ નકલ પ્રવેશ ફોર્મ સાથે જોડી તે પ્રવેશ ફોર્મ અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવું પ્રવેશપત્રક તથા ફીની E-Reciept તથા તેની પ્રિન્ટેડ કોપી પણ સાચવી રાખવી. E-Reciept પર લખેલો નંબર ફોર્મમાં નોંધવાનો હોવાથી નોંધી રાખવો.

યોગ્ય સમયમર્યાદામાં જો ફોર્મ જમા થઈ ગયું હશે અને આપની પ્રવેશ યોગ્યતા હશે તો આપને પ્રવેશ મળ્યાની જાણ પત્ર દ્વારા થશે.

**State Bank Collect થી ફી ભરવાના ફાયદાઓ :**

1. State Bank Collect_ના ઉપયોગથી પ્રવેશાર્થીને ફી ભરવા માટે SBIની શાખામાં જવાની કે Pay-in-Slipની જરૂર રહેતી નથી.
2. પ્રવેશ ઈચ્છનાર પ્રવેશાર્થી ફી ભરવાની અંતિમ તારીખ પહેલાં દિવસના કોઈપણ સમયે પોતાની અનુકૂળતાએ ઈન્ટરનેટના માધ્યમથી ફી ભરી શકે છે.
3. ફી ભર્યાની પહોંચ (E-Receipt) પોતાના Internate Banking ખાતામાં સચવાય છે અને જરૂર પડે ત્યારે ઉપયોગમાં લઈ શકાય છે.
4. જે-તે કોર્સની ફી ભરવા માટે કમિશનરૂપે માત્ર રૂા. 10/- ભરવા પડે છે, જે અન્ય સુવિધા કરતા ઓછું છે.
5. જે-તે કોર્સની વધારે કે ઓછી ફી ભરપાઈ થતી નથી. ઓનલાઈન માહિતી ભરતી વખતે આપોઆપ અનુરૂપ ફીનો વિકલ્પ પસંદ કરવાનો થાય છે.
6. જો પ્રવેશ લેનારે પોતાના જ SBIખાતામાંથી ફી ભરી હશે અને શિષ્યવૃત્તિ માટે અરજી કરી હશે તેવા સંજોગોમાં રાજ્ય સરકારનાં ખાતા દ્વારા લાયક ઠર્યા બાદ માફીપાત્ર ફી તેમના જ SBI ખાતામાં ટ્રાન્સફર થઈ શકશે.
7. ડુપ્લીકેટ આઈ-કાર્ડ, ડુપ્લીકેટ માર્કશીટ, પરીક્ષા ફોર્મની લેઈટ ફી, વિષય બદલવાની ફી વગેરે જેવી અતિરિક્ત ફી ભરવા પ્રવેશાર્થી State Bank Collect ની સુવિધાનો ઉપયોગ કરી શકશે.

### (B) પે-ઈન-સ્લીપથી ફી ભરનાર પ્રવેશાર્થીઓ માટે સૂચના

પે-ઈન-સ્લીપ ચાર કોપીમાં ભરવાની રહેશે. (વિદ્યાર્થીએ ફી ભર્યા પછીની ચાર કોપીમાંથી એક કોપી પોતાની પાસે, એક કોપી ફોર્મ સાથે, એક કોપી બેંકને તથા એક કોપી સેન્ટર પર જમા કરાવવાની રહેશે. વિદ્યાર્થીએ પોતાની કોપી સાચવીને રાખવી.) બેંક ચાર્જીસની રકમ પ્રવેશાર્થીએ ભરવાની રહેશે. પ્રવેશાર્થીએ પે-ઈન-સ્લીપમાં પ્રવેશપત્રક નંબર, નામ, સેન્ટર કોડ, કોર્સનું નામ, કોર્સ ફી લખવાની રહેશે. વિદ્યાર્થીએ ફી રસીદમાં બેંકના સહી-સિક્કા, જનરલ નંબર, તારીખ, બ્રાન્ચ કોડ લખાયાની ચોકસાઈ કરી લેવી અને તેની વિગત ફોર્મમાં નિયત કોલમમાં અચૂક ભરવી.

### (C) પોસ્ટલ રિસીપ્ટથી ફી ભરનાર પ્રવેશાર્થીઓ માટે સૂચના

પ્રવેશાર્થીઓને ફી ભરવા માટેની વધુ સુવિધા માટે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ અન્ય વ્યવસ્થાઓ જેવી કે, પોસ્ટ ઓફિસ દ્વારા ફી ભરવા અંગેની વિસ્તૃત માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Admission ના જે-તે સત્રના વિકલ્પ પરથી ઉપલબ્ધ થઈ શકશે. પ્રવેશફોર્મની સાથે આપવામાં આવેલ પોસ્ટલ રિસીપ્ટમાં નામ, અભ્યાસક્રમ કોડ, કેન્દ્ર કોડ વગેરે વિગતો ભરી કમ્પ્યુટર સુવિધાવાળી કોઈપણ પોસ્ટ ઓફિસમાં પ્રવેશ ફી ભરી શકશે. પોસ્ટલ ચાર્જીસની રકમ પ્રવેશાર્થીએ ભરવાની રહેશે. પ્રવેશફોર્મની સાથે યુનિવર્સિટી કોપી બીડવાની રહેશે.